
ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૨૮ ટકા

# ગરમીમાં ઠંડા થવા યુવાનોમાં વૉટરપાર્કનો ક્રેઝ



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જે ફકત કર્મચારીઓ માટેનું શહેર ગણાતું કે જયાં ઓફીસ ટાઈમથી લઈ સાંજે છુટીને જમવા તથા સુવાના ટાઈમ નક્કી હોય અને સરકાર માટે કામ કરતા કર્મચારીઓ થોડા સમય બાબતે સજાગ હોય. હરવા ફરવાનું તો દૂર શનિ-રવિ આરામ જ કરાતો પરંતુ હાલના દિવસોમાં આ પરિસ્થિતિ બદલાઈ છે અને ટીપીકલ ગણાતું ગાંધીનગર હવે ધબકતું અને ધમધમતું થયું છે. સાથે સાથે ન્યુ ગાંધીનગરનો વિકાસ અને ધંધા-રોજગારી પણ વધ્યા છે. વેકેશન પડતા જ હવે પરિવારજનો તથા મિત્રો સાથે વિવિધ જગ્યાએ ફરવા જવાનો ક્રેઝ આવ્યો છે. ખાસ કરીને ઉનાળુ વેકેશનમાં વૉટરપાર્ક જવાનો ક્રેઝ હાલના દિવસોમાં છે. શહેરની આજુબાજુના ઉપરાંત થોડા દૂર જવા માટે આજે શહેરીજનો તૈયાર છે.

ઉનાળુ વેકેશન આવતા જ મામાના ઘરે વેકેશન કરવા જવાની વાતો સાથે બહારગામ બધા સાથે જ હરવા ફરવાનો ક્રેઝ પણ વધ્યો છે. ખાસ કરીને ગરમીની સિઝનમાં વૉટરપાર્ક જઈ મજા કરવાનો શહેરના યુવાઓમાં ક્રેઝ છે. હાલના દિવસોમાં વૉટરપાર્કમાં પણ સવારથી સાંજ રહેવાની સુવિધા ઉપલબ્ધ છે. જમવાથી લઈ સ્વિમિંગ સ્યૂટ અને આરામ કરવા માટેની વ્યવસ્થા એક પેકેજ સાથે મળે છે. સ્વપ્ન સૃષ્ટિ વૉટરપાર્ક, બ્લીસ વૉટરપાર્ક, ફન એન્ડ ફિસ્ટ, શંકુઝ વૉટરપાર્ક, જલધારા વૉટરપાર્ક, વંડરલેન્ડ, સુસ્વા વૉટરપાર્ક જેવા વૉટરપાર્ક આજે સરળતાથી ઉપલબ્ધ છે. શહેરીજનોનો મિજાજ હવે બદલાયો છે અમુક પોતાની સોસાયટીના સભ્યોને ભેગા કરીને ગ્રુપમાં જાય છે અને અમુક યુવાનો મિત્ર વર્તુળમાં વૉટરપાર્કની મુલાકાત લઈ રહ્યા છે. ગરમીમાં બે-ચાર દિવસની રાહતના અંતે ઉનાળો ફરી આક્રમક બન્યો છે. ગરમીથી બચવા નગરજનો અનેક નુસ્ખા અપનાવી રહ્યા છે ત્યારે વેકેશનની સિઝનમાં આઉટીંગ કરવાની સાથે પરિવારજનોમાં વૉટરપાર્ક પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે. જો કે વૉટરપાર્કની મજા સાથે મુલાકાતીઓ હેલ્થ કોન્શિયસ હોવાથી વિશેષ કાળજી પણ દાખવે છે. બીજી તરફ ગરમીની સિઝનમાં વૉટરપાર્કની મજા લેવું આડા દિવસો કરતાં મોંઘું પણ બન્યું છે.







સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ (સ્વાક)ના વિવિધ એરફોર્સ સ્ટેશનમાં એરફોર્સ વાઈસ વેલ્ફેર એસોસિએશન (રિજનલ)ના પ્રેસિડન્ટ બલજીત અરોરાના માર્ગદર્શન હેઠળ મધર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત તેમના દ્વારા ગાંધીનગરના ચિલોડા સ્થિત વાયુશકિત નગરમાં સંકુલની અંદર સંગિનીઓ માટે બનાવવામાં આવેલ ફિટનેસ સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

## આર્ટ ઓફ લીવીંગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૨

બાળકો, યુવાઓ તેમજ મોટાઓ ગુસ્સો, ડર, ઈર્ષા શરમ, નિરાશા-અણગમો, જીદ્દીપણા જેવી નકારાત્મક લાગણીઓથી મુકત થઈ વિશ્વ સ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત રહે તે હેતુથી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વારા વેકેશનને અનુલક્ષીને વિવિધ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.

આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા યોજવામાં આવેલ શિબિરમાં તા. ૧૫મેથી ૧૮મે દરમિયાન ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી આર્ટ એકસેલ કોર્સ અને સાંજે ૫.૩૦ થી ૮.૩૦ સુધી ૧૩ થી ૧૭ વર્ષના કિશોરો માટે યેસ કોર્સ અને ૧૮ વર્ષથી મોટાઓ માટે તા. ૨૩મેથી ૨૬મે દરમિયાન સવારે ૬ થી ૯ અને ૬.૩૦ થી ૯.૩૦ સુધી હેપ્પીનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ભાગ લેવા તથા વધુ માહિતી મેળવવા સંસ્થા દ્વારા સુરેશભાઈ પરમાર ૯૪૨૬૩૦૦૩૦૩નો સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ભાલચંદ્ર મુકુંદરાય ચૌહાણ, ઉ.વ. ૭૨
- સ્વ. મહેન્દ્રભાઈ કસ્તુરભાઈ શાહ, ઉ.વ. ૭૦
- સ્વ. ચાવડા દાજીજી અખુજી, ઉ.વ. ૮૦
- સ્વ. રાવલ બચીબેન રમણલાલ, ઉ.વ. ૮૦
- સ્વ. ચાવડા બાલુબા રામાજી, ઉ.વ. ૭૫
- સ્વ. ઠાકોર રઈબેન રજુજી, ઉ.વ. ૪૯

## રાજ્ય હોસ્પીટલ ફેડરેશનની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર પથિકાશ્રમ ખાતે તાજેતરમાં ગુજરાત રાજ્ય હોસ્પીટલ ફેડરેશનની ૪૫ સંસ્થાઓના પ્રતિનિધિઓની એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગ સરકારશ્રીની જનતાલક્ષી આરોગ્ય યોજનાઓ અંગે અભિનંદન આપી સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આયુષ્યમાન ભારતમાં યોજનામાં સ્ત્રી રોગોમાં કોથળીના ઓપરેશનના ગ્રાન્ટ ઈન એડ હોસ્પીટલોને બંધ કરવાનો સરકારે નિર્ણય કર્યો. જે ગરીબ મહિલા લાભાર્થીઓ માટે દુઃખદ બાબત બની છે. સરકારી હોસ્પીટલોમાં દૂર દૂરના ગામડાના લાભાર્થી કોથળીના ઓપરેશનો માટે જઈ શકશે નહિ અને ગુજરાતની ગરીબ મહિલાઓ આ



યોજનાના લાભથી વંચિત રહી જશે. તો આ નિર્ણયની પુનઃ વિચારણા કરવા સરકારને ફેડરેશન ખાસ આગ્રહભરી વિનંતી કરે છે.

ગુજરાત રાજ્યની સેવાભાવી હોસ્પીટલોની સુંદર માહિતી સાથે તથા વિવિધ સરકારી યોજનાઓનો સમાવેશ કરી નડિયાદ મેડિકલ સોસાયટી સંચાલિત ગુજરાત મેડિકલ હોસ્પીટલે સુંદર માહિતીસભર પુસ્તિકા પ્રકાશિત કરી છે. આ પ્રસંગે આ પુસ્તિકાનું વિમોચન અરવિંદભાઈએ કરી તમામ સંસ્થાઓ જન જન સુધી આ માહિતી પહોંચાડે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ મીટીંગમાં ગુજરાતના જાણીતા હૃદયરોગના નિષ્ણાંત તબીબ ડૉ. તુષાર પટેલનું કાર અકસ્માતમાં દુઃખદ અવસાન બદલ ઘેરા શોકની લાગણી પેદા થઈ હતી. તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

## સ્વામિનારાયણ મંદિર પેથાપુરના ૧૫ મા પાટોત્સવની ઉજવણી અંતર્ગત યોજાયો સર્વરોગ નિદાન કેમ્પ





ગાંધીનગર, તા.૧૨

સ્વામીનારાયણ ભગવાન દ્વારા સ્વયં સ્થાપિત કાલુપુર નર-નારાયણ ગાદી હેઠળના પેથાપુર સ્વામિનારાયણ મંદિરનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ ૨૦/૫/૧૯ના રોજ યોજાનાર છે.

આ વેળાએ નર નારાયણ પીઠાધીપધી ૫.પૂ.ધ.ધુ ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજી તથા પરમ પૂજ્ય ૧૦૮ લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્ર પ્રસાદજી મહારાજના આજ્ઞાત્મક આશીર્વાદથી પાટોત્સવ અને કથા-પારાયણ જેવા ધાર્મિક ઉત્સવ સાથે વિવિધ સમાજોપયોગી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યુ છે જેમાં અનેક સત્સંગીઓ ઉત્સાહ પૂર્વક જોડાઈ રહ્યા છે.

આજે ૧૨/૫/૧૯ સ્વામિનારાયણ મંદિર પેથાપુર ખાતે એક સર્વ રોગ નિદાન કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યું હતું તેમાં આવનાર દરેકની જનરલ તપાસ, બી.પી. ડાયાબિટીસ, બ્લડ ગ્રુપ, કાર્ડીયોગ્રામની સેવા વિના મૂલ્યે કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન પેથાપુર સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી શ્રી ગુરુ સ્વામીના માર્ગદર્શન હેઠળ શ્રીપરોપકાર સ્વામી અને શ્રી ઘનશ્યામ સ્વામીની પ્રેરણા હેઠળ ડો.પરેશ ગજ્જર અને તેમની ટીમે કર્યુ હતુ. આ સર્વ રોગ નિદાન કેમ્પમાં ડૉક્ટરો ડો.નિતેશ શાહ, ડો.શશાંક સિપ્પી, ડો.પ્રશાંત ગજ્જર, શ્રદ્ધા ગજ્જરે તથા લેબોરેટરીમાં ગોવિંદભાઈ ચોધરી, કમલેશ ભાઈ અને હર્ષિલ તથા કાર્ડીયોગ્રામની કામગીરીમાં મિતેશ પટેલ, વિશાલ ત્રિવેદી, સચિન પટેલ, આશા પટેલ અને આશા ચૌધરીએ તથા કેસ માટેની કામગીરીમાં યોગેશભાઈ ગાંધી, કમાણી ભાઈ તથા કેમ્પ માટેની તમામ પ્રકારની વ્યવસ્થા માટે મિતેશભાઈ ગજ્જર, નીલ ગજ્જર, ધૈર્ય ગજ્જર, જય ચૌધરી વગેરે એ સેવાઓ આપી હતી. કેમ્પની સેવાઓનો લાભ સત્સંગીઓ અને ગામની ધર્મપ્રેમી જનતાએ મોટી સંખ્યામાં લીધો હતો.

## સે-૨૪ માંથી વિદેશી દારૂની બોટલ સાથે શખ્સ પકડાયો

ગાંધીનગર, તા. ૧૨

શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર જોગણી માતાના મંદિર પાસેથી સેકટર-૨૧ પોલીસે દારૂની એક બોટલ અને મોબાઈલ મળી કુલ રૂ.૩૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં ગત તા.૧૦ થી ૧૨ દરમિયાન પ્રોહીબીશન ડ્રાઈવને પગલે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે સેકટર-૨૪ ઈન્દીરા નગર ખાતે જોગણી માતાજીના મંદિર પાસે એક શખ્સ શંકાસ્પદ હાલતમાં કમરના ભાગે દારુની બોટલ સંતાડીને લઈ જતો હતો. આ શખ્સને પોલીસે ઉભો રાખવા માટે ઈશારો કર્યો હતો પરંતુ આ શખ્સ દોડતા પોલીસે તેને પકડી પાડ્યો હતો. પોલીસે તેનું નામ પુછતા તેણે નરસિંહ ગંગારામ ભંગી રહે. ઈન્દીરાનગર મકાન નં.૧૭૯ તેની અંગજડતી દરમિયાન પોલીસને એક વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે દારૂની બોટલ નંગ-૧ કિ.રૂ.૪૦૦ તેમજ એક મોબાઈલ કિ.૩૦૦૦ મળી કુલ રૂ.૩૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પુલક ત્રિવેદી લિખિત ''ટૂંકુ ને ટચ''નું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ યોજાશે

ગુજરાત રાજ્યના માહિતી વિભાગના અધિકારી તથા પ્રેસ અકાદમીના સચિવ અને જાણીતા કટારલેખક પુલક ત્રિવેદી દ્વારા લિખિત પુસ્તક ''ટૂંકુ ને ટચ''નું આગામી તા. ૩૧મી મે શુક્રવારના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે લોકાર્પણ યોજાશે. આ કાર્યક્રમ અમદાવાદના વસ્ત્રાપુર ખાતે સ્થિત અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન-એએમએ ખાતે સાંજે ૭ કલાકે યોજાશે. જેમાં ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જ્હા અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત કાર્યક્રમમાં જાણીતા કટાર લેખકો જય વસાવડા અને ભવેન કચ્છી પ્રાસંગિક ઉદ્‌બોધન કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ-ઉદ્‌ઘોષક તુષાર જોષી દ્વારા કરવામાં આવશે.

## એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ દ્વારા સર્વોચ્ચ પ્લેસમેન્ટનો દાવો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ એમબીએ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સાથે કેમ્પસ પ્લેસમેન્ટ આપવામાં છેલ્લા ૨૦ વર્ષથી મોખરે હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને અગ્રણી કોર્પોરેટ કંપનીઓમાં કામ કરવાની તક પુરી પાડતી હોવાના દાવા સાથે કોલેજના પ્લેસમેન્ટ વિભાગ દ્વારા બહુરાષ્ટ્રીય કંપનીઓમાં પણ જોબ પ્લેસમેન્ટ થતું હોવાનું જણાવાયું છે જેમાં લગભગ દરેક ક્ષેત્રમાં કાર્યરત નામાંકિત કંપનીઓનો સમાવેશ થાય છે.

# વિદ્યાર્થીઓની અવઢવ : 'મૈં કહાં જાઉ હોતા નહીં ફૈસલા...!!!'

**ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ચિંતાજનક રીતે ઘટાડો : ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે અસ્પષ્ટ નીતના કારણે વિદ્યાર્થીઓ-વાલીઓ મુંઝવણમાં : જેઈઈ, નીટ, ગુજસેટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના કારણે બોર્ડની પરીક્ષાનું ઘટતું જતું મહત્વ**

ગાંધીનગર, તા.૧૨

તાજેતરમાં રાજયમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થયું જેમાં છેલ્લા પાંચ વર્ષમાં સૌથી નીચું પરિણામ ૭૧.૯ ટકા જોવા મળ્યું છે. આ પરિણામમાં જોઈએ તો રાજયમાં સો ટકા પરીણામ ધરાવતી શાળાઓની સંખ્યામાં ચિંતાજનક રીતે ઘટાડો જોવા મળ્યો છે તે જ રીતે દસ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા વધી છે તે પણ અત્યંત ચિંતાજનક બાબત છે. બીજી તરફ રાજય સરકારની શિક્ષણમાં અસ્પષ્ટ નીતિનો અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને વિજ્ઞાન પ્રવાહ બાદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ પ્રક્રિયામાં બોર્ડની પરીક્ષાના મહત્વ અંગે વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં અવઢવની સ્થિતિ જોવા મળી રહી છે. જેઈઈ મેઈન, જેઈઈ એડવાન્સ, નીટ, ગુજસેટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના કારણે બોર્ડની પરીક્ષાનું મહત્વ ઘટતું જતું સ્પષ્ટ જણાઈ રહ્યું છે અને વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાને માત્ર 'કવોલીફાઈંગ' એકઝામ જેટલું મહત્વ આપે છે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓને વધુ




મહત્વ આપે છે જેના કારણે 'ગોખણપટ્ટી'નો મહિમા વધતો જણાય છે અને જેની 'યાદશકિત' વધુ સારી તે મેદાન મારી જાય તેવી સ્થિતિ પેદા થતી જણાય છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના પરીણામ સાથે જ ચોતરફ જેઈઈ, નીટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરાવતા ખાનગી કલાસીસની જાહેરાતોનો મારો વધી જતો જોવાતો હતો હવે તેમાં શાળાઓ પણ જોડાઈ ગઈ છે. ધોરણ-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં જે વિદ્યાર્થીએ 'એ' ગૃપ લીધું હોય એટલે કે મુખ્ય વિષયમાં ગણિત હોય તેવા વિદ્યાર્થીઓએ એન્જિનીયરીંગની વિવિધ શાખાઓમાં પ્રવેશ મેળવવા 'જેઈઈ' એટલે જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ આપવાની રહે છે. જયારે 'બી' ગૃપ એટલે કે મુખ્ય વિષયમાં જીવ વિજ્ઞાન ધરાવતા વિદ્યાર્થીઓને મેડિકલ ક્ષેત્રની વિવિધ શાખાઓમાં પ્રવેશ મેળવવા 'નીટ' એટલે કે નેશનલ એલીજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ આપવાની રહે છે. આ બંને પરીક્ષાઓ રાષ્ટ્રીય સ્તરે લેવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે ગુજસેટની પરીક્ષા લેવામાં આવે છે જે બંને ગૃપના વિદ્યાર્થીઓએ આપવાની રહે છે. બંને ગૃપમાં ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે બોર્ડની પરિક્ષાનું પરિણામ તથા ગુજસેટની પરીક્ષાના પરિણામના નિશ્ચિત ગુણભાર આધારિત પ્રવેશનો કવોટા તથા સ્પર્ધાત્મક પરીક્ષા જેઈઈ અને નીટ આધારિત પ્રવેશનો કવોટા





અલગ અલગ હોય છે. વળી જેઈઈ કે નીટની પરીક્ષા આપવા માટે બોર્ડની પરીક્ષામાં કવૉલિફાઈંગ ગુણ મેળવવા પણ જરુરી છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિકલ્પ આધારિત પ્રશ્નોત્તરી ધરાવતી હોવાને કારણે વિદ્યાર્થીઓનો ઝોક તેની તરફ વધુ રહે છે જે ગોખણપટ્ટીને ઉત્તેજન આપે છે પરંતુ અણીના સમયે જો વિદ્યાર્થી ગોખેલું ભુલી જાય તો ડિપ્રેશનમાં પણ આવી શકે છે. આ પરિસ્થિતિ એક રીતે જુઓ તો વિદ્યાર્થીઓ હવે વિદ્યાર્થીઓ કરતા 'પરીક્ષાર્થી'ઓ જ વધુ બની રહ્યા છે અને ખાનગી કલાસીસ તો ઠીક શાળાઓ પણ હવે વિદ્યાર્થીઓને આ નજરે જોઈ રહી હોય છે.

'એ' ગૃપના વિદ્યાર્થીઓ રાજયની કોઈ પણ ઈજનેરી કોલેજમાં પ્રવેશ મેળવવા બોર્ડના પરિણામના ૬૦ ટકા અને ગુજસેટની પરીક્ષાના ૪૦ ટકા ગુણભાર મેળવીને ૫૦ ટકા બેઠકો પર મેરિટ આધારિત પ્રવેશ મેળવી શકે છે જયારે બાકીની ૫૦ ટકા બેઠકો પર જેઈઈના મેરિટ આધારિત પ્રવેશ આપવામાં આવે છે. જો કે એનઆઈટી જેવી સંસ્થા કેન્દ્ર સંચાલિત હોવાથી તેમાં પ્રવેશ માટે માત્ર જેઈઈના મેરિટને જ ધ્યાનમાં લેવામાં આવે છે. વળી દેશની પ્રથમ ત્રણ આઈઆઈટી કોલેજોમાં પ્રવેશ માટે જેઈઈ એડવાન્સના મેરિટને જ ધ્યાનમાં રાખી પ્રવેશ આપે છે અને બિરલા ઈન્સ્ટિટયુટ વેલ્યુડ ઈન્સ્ટિટયુટ તેમજ ઈસરો કે પ્લાઝમા રિસર્ચ ઈન્સ્ટિટયુટમાં તેમની પોતાની બીટસેટ, વીઆઈપી કે કેવીપીયુ જેવી પરીક્ષાઓના પરિણામનું મેરિટ જ પ્રવેશનો આધાર ગણાય છે. 'બી' ગૃપના વિદ્યાર્થીઓ માટે મેડીકલમાં પ્રવેશ મેળવવા બોર્ડ તેમજ ગુજસેટ આધારિત કવૉલિફાઈંગ ગુણ મેળવ્યા પછી નીટમાં મેરિટમાં સ્થાન મેળવવું પડે છે. જો કે પેરા મેડિકલ, ડેન્ટલ કે નર્સિંગ વગેરેમાં પ્રવેશ મેળવવા બોર્ડ તથા ગુજસેટના ગુણભાર આધારિત મેરિટ મુજબ પ્રવેશ અપાય છે. આમ મોટે ભાગે બોર્ડની પરીક્ષાનું પરિણામ એકલું કોઈ પણ ઉચ્ચ શિક્ષણની શાખામાં પ્રવેશ અપાવવા પુરતું નથી તેની સાથે ગુસેટનું પરિણામ તથા જેઈઈ-નીટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પરિણામ આધારિત મેરિટનું મહત્વ વધી જવાથી બોર્ડની પરીક્ષાઓને કેટલું મહત્વ આપવું તે અંગે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ભારે અવઢવની સ્થિતિમાં જોવા મળે છે. હવે તો એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે આગામી સમયમાં જેઈઈના બદલે 'એ' ગૃના વિદ્યાર્થીઓ માટે પણ નીટ-ઈની પરીક્ષા લેવાશે અને તેનું મેરિટ જ પ્રવેશ માટે ધ્યાને રખાશે. આ પ્રકારની અસ્પષ્ટ નીતિઓ વિદ્યાર્થીઓને 'વિદ્યાલક્ષી' બનાવવાને બદલે 'પરીક્ષાલક્ષી' બનાવી રહી છે જેના કારણે પરીક્ષાર્થીઓની સંખ્યા તો વધી રહી છે પરંતુ ગુણવત્તા ઘટી રહી છે તેવું અનુભવાઈ રહ્યું છે. બીજી તરફ એવો સવાલ પણ ખડો થઈ રહ્યો છે કે શાળાકીય ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી પણ શા માટે આટલી બધી જુદી જુદી પરીક્ષાઓ આપવી પડે છે??

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com